જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

# જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૪ । સોમવાર । તા. ૨૯-૧૦-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

# આદિવાસી સમાજના દલાલો સ્ટેચ્યુ ઓફ યુનિટી ને સમર્થન આપનારાઓ મા આદિવાસી ઓ નું લોહી હોય જ ના શકે : પ્રફુલ વસાવા

## રાજપીપળા શાક માર્કેટ માં પણ ૩૧ મી એ બંધના બોર્ડ લાગ્યા

**૩૧ ઓક્ટોબર આદિવાસી સમાજ ના સંગઠનો એ આપેલા બંધ ના એલાન ના પગલે રાજપીપળા શાકભાજી માર્કેટ અને બજાર બંધ ના બોર્ડ લાગ્યા તમામ વેપારીઓ એ આદિવાસી સંઘટનને સાથ આપવા હામી ભરી હોવાનું જણાવતા પ્રફુલ વસાવા**

રાજપીપળા : સ્ટેચ્યુ ઓફ યુનિટી ના આસપાસ ના ગ્રામ પંચાયતો ના સરપંચો એ પોતાના સહી સિક્કા મારી જણાવ્યું છે કે નરેન્દ્ર મોદી તમે ૩૧ઓક્ટોબરે નર્મદા ડેમ પર નહીં આવતા ત્યારે પોતાનો સમાજ લૂટાય રહ્યો હોય તો સમાજ વાળા જ બચાવવા આવશે એવા મારા આદિવાસી સમાજ ના સરપંચો ને ધન્યવાદ કહેતા યુવા આદિવાસી આગેવાન ડો.પ્રફુલ વસાવા એ જણાવ્યું કે કેટલાક ભાજપ ના દલાલો આદિવાસી સમાજ ને એવી વાત કરી ગુમરાહ કરતા હતા કે ત્યાં ના લોકો ખુશ છે, સ્થાનિકો ને કોઈ વિરોધ નથી હવે તો ત્યાંના સ્થાનિક આદિવાસી સરપંચો જ કહી રહ્યા છે કે સ્ટેચ્યુ ઓફ યુનિટી થી આદિવાસી ઓને નુકશાન જ થશે એમ કહી ચાબખા માર્યા હતા

સ્થાનિક આદિવાસીઓમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નો બહૂ જ વિરોધ છે પરંતુ પોલીસ બળપ્રયોગ કરી ને ગુજરાત ભાજપ સરકાર આદિવાસીઓને દબાવી દે છે તો હવે સ્ટેચ્યુ ઓફ યુનિટી ને સમર્થન આપે છે કોણ..? એ ગદ્દારો કોણ છે ...? એમ કહી પ્રફુલ વસાવા એ જણાવ્યું હતું કે ૧૦૦ થી વધુ આદિવાસી સંગઠનઓ આ બંધ ને સમર્થન આપ્યું છે અને એ કોઈ પણ ભોગે પાછું નહી લેવાય

પ્રફુલ વસાવા એ વધુ માં જણાવ્યું કે અમારા આદિવાસી કોઈ પણ રાજનૈતિક પાર્ટીમાં હોય પણ સમાજ પહેલો હોવો જોઈએ, સ્ટેચ્યુ ઓફ યુનિટી ને સમર્થન આપનારા આદિવાસી ઓ પાર્ટી ઓ ના ગુલામ બની ગયા છે. આદિવાસી લૂટાય રહ્યો છે અને અમુક લોકો તમાશો જુવે છે શું સ્ટેચ્યુ ઓફ યુનિટી ના બેનરો મા હવે આપણા સમાજના ક્રાન્તિકારી બિરસા મુંડા ની પ્રતિમા નો માત્ર ફોટો મૂકી દેવાથી આપણે ચુપ થઈ જવાનું?

બિરસા મુંડા તો આદિવાસી ઓની જમીનો બચાવતા હતા અને તમે નરેન્દ્ર મોદી - વિજય રૂપાણી સરકાર વાલા આદિવાસીઓ ની જમીનો લૂંટી રહ્યા છો...? આદિવાસીઓ નું હવે વિકાસ ના નામે વિસ્થાપન બંધ કરો, જો આદિવાસી ઓનું વિસ્થાપન હવે બંધ નહીં કરો તો સ્ટેચ્યુ ઓફ યુનિટી ના વિરોધ પ્રદર્શનોથી અંદાજ લગાવી દેજો એમ ડૉ પ્રફુલ વસાવા એ હુંકાર કર્યો છે

સમસ્ત આદિવાસી સમાજ ગુજરાત રાજ્ય ( જીછજી) એ બીન રાજકિય સામાજીક સંગઠન છે.તા. ૩૧-૧૦-૨૦૧૮ નાં રોજ કેવડિયા કોલોની ખાતે સરદાર પટેલનું પૂતળું બનાવ્યું છે એનાં ઉદ્ઘાટન કાર્યક્રમનો સમગ્ર ગુજરાત રાજ્ય નાં આદીવાસી સમાજે બહિષ્કાર કર્યો છે. વિસ્થાપિતોનાં સમર્થનમાં અને આદિવાસી સંસ્કૃતિ, રૂઢિપરંપરા ને બચાવવા માટે અને પાંચમી અનુસૂચિ વિસ્તારમાં આવી કોઈ પણ પ્રકારની કામગીરી કરતાં પહેલાં સંવિધાનની જોગવાઈઓનો ભંગ કરેલો હોઈ, માટે આ કાર્યક્રમનો આદિવાસી સમાજના લોકોએ બહિષ્કાર કર્યો છે એને સમસ્ત આદિવાસી સમાજ ગુ. રા. સમર્થન આપે છે. કોઈપણ રાજકીય પક્ષો કે પ્રશાસન દ્વારા જયારે જયારે પણ આદિવાસી સમાજને અન્યાય કરવામાં આવશે ત્યારે સમસ્ત આદિવાસી સમાજ ગુ. રા. એ અન્યાય સામે અવાજ ઉઠાવનાર સંગઠનને સમર્થન આપશે.એમ કહી ૩૧ ઓક્ટોબર આદિવાસી સમાજ ના સંગઠનો એ આપેલ બંધ એલાનના પગલે રાજપીપળા શાક માર્કેટ ના વેપારીઓ સાથે મેં મિટિંગ કરી વિનંતી કરતા વેપારી મંડળ એ પણ સાથ આપવા જણાવ્યું હોવાનું પ્રફુલ વસાવા એ જણાવ્યું છે .

## વડાપ્રધાન મોદીએ ૪૯મી વાર મન-કી-બાત દ્વારા દેશને સંબોધિત કર્યું,તહેવારોને લઈ અભિનંદન પાઠવ્યા

# સરદારે દેશને એકતાના સૂત્રમાં પરોવવાનું અસંભવ કાર્ય કર્યું : પીએમ મોદી

## પ્રદૂષણને લઈ વડાપ્રધાને ખેડૂતોને પરાલી ન સળગાવવા અપીલ કરી,રન ફૉર યુનિટીમાં સામેલ થવા કહ્યું

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારના રોજ 'મન કી બાત'માં પોતાના સંબોધનમાં પંજાબના એક ગામના લોકોના વખાણ કર્યા. પીએમ મોદીએ વાયુ પ્રદૂષણ અને પરાલી સળગાવાના મુદ્દા પર બોલતા કહ્યું કે પંજાબનું એક ગામ કલ્લર માજરા એટલા માટે ચર્ચામાં આવ્યું છે કારણ કે ત્યાંના લોકો અનાજની પરાલી સળગાવાની જગ્યાએ તેને માટીમાં ભેળવી દે છે. કલ્લર માજરા અને એ તમામ જગ્યાઓના લોકોને અભિનંદન જેમણે વાતાવરણને સ્વચ્છ રાખવા માટે પોતાનો શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યાં છે.

પીએમએ આ કાર્યક્રમમાં સરદાર વલ્લભભાઇ પટેલની ઉપલબ્ધિઓને યાદ કરી. પીએમે કહ્યું કે તેઓ ૩૧મી ઑક્ટોબરના રોજ ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીને દેશને સમર્પિત કરશે. આ સ્ટેચ્યુ દુનિયાની સૌથી મોટી મૂર્તિ હશે. ભારત માટે આ ગર્વ ગણાવતી ક્ષણ હશે. પીએમે સાથે જ પૂર્વ પીએમ ઇન્દિરા ગાંધીને પણ શ્રદ્ધાંજલિ આપી.

પીએમ મોદીએ પોતાના કાર્યક્રમમાં ખેડૂતોને પરાલી ન સળાગાવાની અપીલ કરી. આપને જણાવી દઈએ કે શિયાળાની સીઝનમાં દિલ્હી અને આજુબાજુના વિસ્તારમાં ધુમાડો છવાઈ જાય છે. હવામાન વિજ્ઞાનીઓના મતે તેનું એક મોટું કારણ હરિયાણા, પંજાબ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશના ખેડૂતો દ્વારા પરાલી (અનાજના પાકના વધેલા કચરા)ને સળગાવવું પણ છે.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં દેશવાસીઓને તહેવારની સીઝનમાં અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું કે પ્રિય દેશવાસીઓ ઑક્ટોબર મહિનો સમાપ્ત થવાનો છે. શિયાળો આવવાનો છે, સીઝન બદલાઇ રહી છે. તહેવારની સીઝન પણ આવવાની છે. ધનતેરસ, દિવાળી, ભાઇબીજ, અને છઠ આવવાની છે. એમ પણ કહી શકાય છેકે નવેમ્બર મહિનો ઉત્સવનો મહિનો છે.

પીએમે કહ્યું કે ૩૧મી ઑક્ટોબરના રોજ સરદાર પટેલની જયંતિ આ વખતે ખાસ હશે. તેમણે કહ્યું કે ૨૭મી



### સરદારની પ્રતિમા હશે વિશ્વમાં સૌથી ઉંચી, આ વખતની પટેલની જયંતિ હશે ખાસ : મોદી

જાન્યુઆરી ૧૯૪૭ના રોજ વિશ્વ પ્રસિદ્ધ 'TIME' મેગેઝીને જે વર્ઝન પ્રકાશિત કર્યું હતું, તેના કવર પેજ પર સરદાર પટેલનો ફોટો લગાવ્યો હતો. આ સ્ટોરીમાં તેમણે ભારતનો એક નકશો આપ્યો હતો અને આ એવો નકશો નહોતો જેવો આજે આપણે જોઇ રહ્યાં છીએ. આ એક એવા ભારતનો નકશો હતો જે કેટલાંય ભાગોમાં વહેંચાયેલું હતું. ત્યારે ૫૫૦થી વધુ દેશી રજવાડા હતા. ભારતને લઇ અંગ્રેજોની રૂચિ ખત્મ થઇ ચૂકી હતી, પંરતુ તેઓ આ દેશને છિન્ન-ભિન્ન કરીને છોડવા માંગતા હતા. ગાંધીજીએ સરદાર પટેલને કહ્યું કે રાજ્યોની સમસ્યાઓ વિકટ છે અને માત્ર તમે જ તેનો ઉકેલ લાવી શકો છો. સરદાર પટેલે પણ તમામ રજવાડાઓનું ભારતમાં વિલય કરાવ્યું દેશને એકતા સૂત્રમાં પરોવાનું અસંભવ કામને પૂરું કરી દેખાડ્યું.

એકતાના બંધનમાં બંધાયેલા આ રાષ્ટ્રને જોઇને આપણે સ્વાભાવિક રીતે સરકાદ વલ્લભભાઇ પટેલેને પુણ્ય સ્મરણ કરીએ છીએ. આ ૩૧મી ઑક્ટોબરના રોજ સરદાર પટેલની જયંતિ વધુ ખાસ થઇ જશે. આ દિવસે સરદાર પટેલને સાચી શ્રદ્ધાંજલિ આપતા આપણે સ્ટેચ્યુ ઓફ યુનિટી રાષ્ટ્રને સમર્પિત કરીશું. આ પ્રતિમાની ઊંચાઇ અમેરિકાના સ્ટેચ્યુ ઓફ લિબર્ટી કરતાં બમણી છે. આ વિશ્વની સૌથી ઊંચી ગગનચુંબી પ્રતિમા છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારત માટે આ વર્ષ ૧૧ નવેમ્બરનું ખાસ મહત્વ છે. કારણ કે આ દિવસે ૧૦૦ વર્ષ પૂર્વ પ્રથમ વિશ્વ યુદ્ધ સમાપ્ત થયું હતું. આ દરમ્યાન થયેલા ભારે વિનાશ અને જનહાનિની સમામિની એક સદી પૂરી થઇ જશે. જ્યારે પણ વિશ્વ શાંતિની વાત થાય છે તેને લઇ ભારતનું નામ અને યોગદાન સુવર્ણ અક્ષરોમાં અંકિત દેખાશે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યુ કે ભારતને આ વર્ષે ભુવનેશ્વરમાં પુરુષ હૉકી વર્લ્ડ કપ ૨૦૧૮ના આયોજનનું સૌભાગ્ય પ્રાપ્ત થયુ છે. હૉકી વર્લ્ડ કપ ૨૮ નવેમ્બરથી ૧૬ ડિસેમ્બર સુધી ચાલશે. હૉકીના જાદુગર મેજર ધ્યાનચંદથી સમગ્ર દુનિયા પરિચિત છે. વડાપ્રધાને ૨૭ ઓક્ટોબરે ઈન્ફ્રેન્ટ્રી ડેના અવસરે કહ્યુ કે તે તમામને નમન કરે છે જે ભારતીય સેનાનો ભાગ છે અને પોતાના સૈનિકોના પરિવારોને પણ તેમના સાહસ માટે સલામ છે.

# પ્રદૂષણ ફેલાવનારા લોકોની વિરુદ્ધ ગુનાહિત કેસ દાખલ કરાશે..!!

ન્યુ દિલ્હી

દિલ્હી -એનસીઆર ક્ષેત્રમાં સતત વાતાવરણની કથળી રહેલી સ્થિતીને સુધારવા માટે સરકારે હવે કડક વલણ અપનાવતા વાયુ પ્રદૂષણ માનકોનું ઉલ્લંઘન કરવા મુદ્દે એજન્સીની પણ જવાબદારી નિશ્ચિત કરતા પ્રદૂષણ ફેલાવનારા લોકોની વિરુદ્ધ ગુનાહિત કેસ દાખલ કરવાનો નિર્ણય લીધો છે. પર્યાવરણ મંત્રી ડૉ. હર્ષવર્ધને આ માહિતી આપી.

હર્ષવર્ધને જણાવ્યુંકે, હવાની ગુણવત્તા મુદ્દે મંત્રાલય અને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)ના અધિકારીઓ સાથે મહત્વની બેઠક યોજવામાં આવી. તેમાં રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રના પાંચ શહેરો દિલ્હી, ગાઝિયાબાદ, નોએડા, ફરીદાબાદ અને ગુરૂગ્રામમાં વાયુ પ્રદૂષણની સ્થિતીની સમીક્ષામાં સામે આવ્યું કે, પાડોશમાં રહેલા ચારેય શહેરો માનકોનાં પાલન મુદ્દે અણઘડ વલણનાં કારણે કોઈ સુધારો નથી થઈ રહ્યો.

આ કારણે સંબંદ્ધ એજન્સીઓને પણ ગુનાહિત કાર્યવાહી અંતર્ગત લાવવા સીપીસીબીની પેટ્રોલિંગ ટીમ અને તેનાં અધિકારીઓને કડકાઈ વર્તવા જણાવ્યું છે. હર્ષવર્ધને જણાવ્યું કે, તેમાં જવાબદારી નિશ્ચિત કરવામાં આવશે કે પાંચ શહેરોમાં વાયુ પ્રદૂષણના માનકનું પાલન કરાવવા માટેની રચાયેલી દળો યોગ્ય કાર્યવાહી કરે છે કે કેમ.

# ટૂંક સમયમાં તમામ સ્ટેશનો અને ટ્રેનમાં ક્રેડિટ તથા ડેબિટ કાર્ડથી પેમેન્ટ કરી શકાશે

ન્યુ દિલ્હી

ટ્રેન તથા રેલવે સ્ટેશન પર સામાન ખરીદવા હવે આપે રોકડ લઈને નહીં ફરવું પડે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, ટૂંક સમયમાં તમામ સ્ટેશનો અને ટ્રેનમાં ક્રેડિટ તથા ડેબિટ કાર્ડથી પેમેન્ટ કરી શકાશે. રેલવે વિક્રેતાઓને પી.ઓ.એસ.(પોઈન્ટ ઓફ સેલ) હેન્ડ હેલ્ડ મશીન આપવાની તૈયારી કરી રહ્યું છે. એવું માનવામાં આવે છે કે આ પ્રોજેક્ટ ૧ નવેમ્બરથી શતાબ્દી, દુરંતો અને રાજધાની જેવી ટ્રેનોથી શરૂ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે સામાન્ય વિક્રેતા હોય કે રેલવે વિક્રેતા, મુસાફરોની ફરિયાદ હંમેશા રહી છે કે તેમની પાસેથી વધુ પૈસા લેવામાં આવે છે. પાણીની બોટલથી લઈને ચા સુધી વધુ પૈસા વસુલવામાં આવે છે. હવે મુસાફરોને આ ઝંઝટમાંથી મુક્તી મળશે. મુસાફરો પી.ઓ.એસની મદદથી સીધા રેલવે ખાતામાં પૈસા જમા કરાવી શકે છે.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે દુરંતો, શતાબ્દી અને રાજધાની જેવી ટ્રેનમાં મુસાફરો પાસેથી ખાનપાનનો ચાર્જ ટિકિટ સાથે વસુલવામાં આવે છે. આ સિવાય ટ્રેનમાં મુસાફરોને પાણીની બોટલ, ચા તથા નાસ્તા જેવી વસ્તુ ખરીદવા માટે પણ પૈસા વેન્ડરને કેશમાં આપવા પડે છે. આમાં વેન્ડરો દ્વારા વધુ ચાર્જ લેવાની ફરિયાદો આવે છે. આમાંથી બચવા માટે રેલવે વેન્ડરોને પી.ઓ.એસ મશીન આપશે, જેમાં આપ ખાવાની એજ કિંમત ચુકવશો જે વાસ્તવિકતામાં છે.

ટ્રેનમાં આઈ.આર.સી.ટી.સી અને પેન્ટ્રીકર સાથે ગેરકાયદે વિક્રેતા પણ સામાન વેચે છે. તેમના કારણે ટ્રેનમાં મુસાફરી કરનારા મુસાફરોને ખર્ચાળ ભોજન મળે છે. પી.ઓ.એસ આવ્યા પછી મુસાફરો આ વેન્ડરોની ઓળખ કરી શકશે અને યોગ્ય દર પર ભોજન મેળવી શકશે.

# રાણપુરમાં અબોલ પશુઓ માટે અવાડો બનાવવા ની માંગ સાથે ઉપવાસ ઉપર બેઠેલા મહેશભાઈએ પારણા કર્યા




**અવાડાનુ કામ શરૂ થતા મહેશભાઈ ઘાઘરેટીયાએ પારણા કર્યા**

બોટાદ જીલ્લાના રાણપુરમાં સરકારી દવાખાના પાસે આવેલ એકમાત્ર અબોલ પશુઓ માટે નો અવાડો છેલ્લા કેટલાય સમયથી ગંદકી થી ખદબદી રહ્યો હતો અને રોડ ની બરોબર અવાડો આવી ગયો હતો જેના લીધે અબોલ પશુઓ ગંદુ પાણી જોઈને તરસ્યા પાછા જતા હતા ત્યારે રાણપુરના જાગૃત નાગરીક મહેશભાઈ ભીખાભાઈ ઘાઘરેટીયા નવા અવાડાની માંગ અને અવાડાની જગ્યામાં કરેલા દબાણ હટાવવાની માંગ સાથે તલાટી અને સરપંચને રજુઆત કરી હતી પણ આ રજુઆત ની કોઈ અસર નહી થતા મહેશભાઈ ભીખાભાઈ ઘાઘરેટીયા રાણપુર ગ્રામ પંચાયત સામે ગાંધી ચીધ્યા માર્ગે ઉપવાસ ઉપર બેસી ગયા હતા ઉપવાસ ચાલુ થયા ને બીજા દીવસે નવો અવાડો બનાવવાનુ ચાલુ કરતા રાણપુર ભાજપના આગેવાન અને એપીએમસીના ચેરમેન નરેન્દ્રભાઈ દવે,ભાજપના આગેવાન અને પુર્વ સરપંચ જીવાભાઈ રબારી આ બન્ને આગેવાનોની સમજાવટ થી ઉપવાસ પર બેઠેલા મહેશભાઈ ભીખાભાઈ ઘાઘરેટીયાએ પારણા કર્યા હતા આ અંગે મહેશભાઈ ઘાઘરાટીયા સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે અબોલ પશુ માટે નવો અવાડો બનાવવાનુ ચાલુ થતા ઉપવાસ પુરા કરી પારણા કર્યા છે અને આગામી દીવસોમાં અવાડાની જગ્યામાં કરેલા દબાણો હટાવવાની માંગ ચાલુ રહેશે

# તા.૨૯મીએ માંગરોળના શાહ ગામે રાજ્યના પ્રથમ મેગા ફુડ પાર્કનું મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને કેન્દ્રીય મંત્રી હરસિમરત કૌર બાદલના હસ્તે લોકાર્પણ થશે

**મેગા ફુડ પાર્કના કારણે ખેડૂતો માટે ખેતરથી લઈને બજાર સુધીની ઉત્તમ વેલ્યુ ચેઈનનું નિર્માણ થશે.**

સુરત

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની મહત્વાકાંક્ષી પહેલ 'પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના' હેઠળ કેન્દ્ર સરકારના ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ મંત્રાલયના ઉપક્રમે સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના શાહ ગામ ખાતે ૭૦ એકરના વિશાળ વિસ્તારમાં માત્ર ફૂડ અને એગ્રો ઈન્ડસ્ટ્રીઝ માટે નવનિર્મિત 'ગુજરાત એગ્રો ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેગા ફૂડ પાર્ક'નું લોકાર્પણ આવતીકાલ તા.૨૯મી ના રોજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને કેન્દ્રીય ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ મંત્રી શ્રીમતી હરસિમરત કૌર બાદલના હસ્તે યોજાશે.

લોકાર્પણ સમારોહમાં કેન્દ્રીય ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ રાજ્યમંત્રી સાધ્વી નિરંજન જ્યોતિ, કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ, વન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા, સામાજિક અને અધિકારિતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર, પંચાયત અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર, મુખ્ય સચિવશ્રી જે. એન. સિંઘ, કેન્દ્રના અધિક સચિવશ્રી રાકેશ સરવાલ સહિત સાંસદશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહેશે.

**ખેતી, ફૂડ અને એગ્રો પ્રોસેસિંગ ક્ષેત્ર માટે અત્યાધુનિક ફૂડ પ્રોસેસિંગ સેવા સુવિધા પુરી પાડવાનો ઉદ્દેશ**

ગુજરાત સરકારની કોર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વગ્રાહી કૃષિવ્યવસાય નીતિ (૨૦૧૬-૨૧) તેમજ મુખ્યમંત્રીશ્રીના ફૂડ પ્રોસેસિંગ મિશન હેઠળ અંદાજીત રૂ.૨૦૦ કરોડની સહાયપ્રાપ્ત આ પ્રોજેકટના કારણે ખેડૂતો માટે ખેતરથી લઈને બજાર સુધીની ઉત્તમ વેલ્યુ ચેઈનનું નિર્માણ થશે. વડાપ્રધાનશ્રીના વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડુતોની આવકને બમણી કરવાના લક્ષ્યાંકમાં આ પ્રોજેક્ટ મદદરૂપ બનશે.

સુરત શહેરની નજીક હોવાથી મેગા ફૂડ પાર્ક ખેત પેદાશોના નિકાસ માટે હજીરા પોર્ટ અને સુરત, મુંબઈ અને અમદાવાદના હવાઈ મથકો સાથે શ્રેષ્ઠ કનેક્ટિવિટી મળશે. પાર્ક સ્થિત ઈન્ડસ્ટ્રીઝ માટે દેશના મહત્વના ઉપભોક્તા બજારો એવા સુરત, અમદાવાદ વડોદરા તેમજ મુંબઈની મેગા માર્કેટ સાથે વ્યાપારને વેગ મળશે.

૩૦ લાખ સ્કવેર ફીટમાં પથરાયેલા મેગા ફૂડ પાર્કની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ ખેતી, ફૂડ અને એગ્રો પ્રોસેસિંગ ક્ષેત્ર માટે અત્યાધુનિક માળખાકીય સુવિધા તેમજ ખેડૂતના ખેતરથી લઈને બજાર સુધી આધુનિક પ્રોસેસિંગ સેવા સુવિધા પુરી પાડવાનો અને ટૂંકા સમયમાં બગડી જતી વસ્તુઓનું પ્રોસેસીંગ વધારવાનો છે. પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન, ખેત પેદાશોના બગાડમાં ઘટાડો, સક્ષમ પુરવઠાની સાંકળનું નિર્માણ જેવા અનેક ફાયદો પણ થશે.

# પ્રદૂષણ ફેલાવનારા લોકોની વિરુદ્ધ ગુનાહિત કેસ દાખલ કરાશે..!!

ન્યુ દિલ્હી

દિલ્હી –એનસીઆર ક્ષેત્રમાં સતત વાતાવરણની કથળી રહેલી સ્થિતીને સુધારવા માટે સરકારે હવે કડક વલણ અપનાવતા વાયુ પ્રદૂષણ માનકોનું ઉલ્લંઘન કરવા મુદ્દે એજન્સીની પણ જવાબદારી નિશ્ચિત કરતા પ્રદૂષણ ફેલાવનારા લોકોની વિરુદ્ધ ગુનાહિત કેસ દાખલ કરવાનો નિર્ણય લીધો છે. પર્યાવરણ મંત્રી ડૉ. હર્ષવર્ધને આ માહિતી આપી. હર્ષવર્ધને જણાવ્યું કે, હવાની ગુણવત્તા મુદ્દે મંત્રાલય અને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)ના અધિકારીઓ સાથે મહત્વની બેઠક યોજવામાં આવી. તેમાં રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રના પાંચ શહેરો દિલ્હી, ગાઝિયાબાદ, નોએડા, ફરીદાબાદ અને ગુરૂગ્રામમાં વાયુ પ્રદૂષણની સ્થિતીની સમીક્ષામાં સામે આવ્યું કે, પાડોશમાં રહેલા ચારેય શહેરો માનકોનાં પાલન મુદ્દે અણઘડ વલણનાં કારણે કોઈ સુધારો નથી થઈ રહ્યો. આ કારણે સંબંદ્ધ એજન્સીઓને પણ ગુનાહિત કાર્યવાહી અંતર્ગત લાવવા સીપીસીબીની પેટ્રોલિંગ ટીમ અને તેનાં અધિકારીઓને કડકાઈ વર્તવા જણાવ્યું છે. હર્ષવર્ધને જણાવ્યું કે, તેમાં જવાબદારી નિશ્ચિત કરવામાં આવશે કે પાંચ શહેરોમાં વાયુ પ્રદૂષણના માનકનું પાલન કરાવવા માટેની રચાયેલી દળો યોગ્ય કાર્યવાહી કરે છે કે કેમ.

બેઠકમાં સીપીસીબીની ટીમના ફીડબેકના આધારે તે માહિતી મળી છે કે દિલ્હી ઉપરાંત એનસીઆરના ચાર શહેરો નોએડા, ગાઝીયાબાદ, ફરીદાબાદ અને ગુરૂગ્રામમાં છેલ્લા એક મહિનામાં સ્થિતી સુધારવા માટે કરાયેલા ઘણા ઉપાયો નિષ્ફળ સાબિત થયા.

### ત્રણ પોલીસ અધિકારી સહિત મોટી સંખ્યામાં લોકો ઘાયલ

# અમેરિકામાં યહૂદિઓની પ્રાર્થના સ્થળ પર ગોળીબાર : ૧૧ લોકોના મોત

પિટ્સબર્ગ

અમેરિકાના પિટ્સબર્ગમાં યહૂદિઓના એક પ્રાર્થના સ્થળ પર થયેલ ગોળીબારમાં ઓછામાં ઓછા ૧૧ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. જ્યારે આ હુમલામાં ત્રણ પોલીસ અધિકારીઓ સહિત ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા છે. જો કે, આ અંગે કોઈ અધિકૃત જાણકારી નથી મળી પરંતુ સ્થાનિક મીડિયાની ખબરો અનુસાર, ૧૧ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ત્રણ પોલીસ અધિકારી સહિત મોટી સંખ્યામાં લોકો ઈજાગ્રસ્ત થયા છે.

સ્થાનિક મીડિયા દ્વારા મળેલી માહિતી અનુસાર, ગોળીબાર બાદ પોલીસે હુમલાવર પર વળતો પ્રહાર કર્યો તેમા પોલીસની ગોળીથી હુમલાવર રોબર્ટ બોવર્સે (૪૬) આત્મસમર્પણ કરી દીધુ હતુ. સૂત્રો દ્વારા જાણવા મળ્યુ છે કે, હુમલો કરનાર વ્યક્તિ દાઢી વાળી હતી. હત્યારો પોલીસની ગોળીઓથી ઈજાગ્રસ્ત થયો હતો જેથી તેને પણ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યાં પોલીસ તેની પૂછપરછ કરી રહી છે.

એફબીઆઈએ આ ઘટનાને નિંદનિય ઘટના ગણાવીને તેની વિસ્તૃત તપાસ શરૂ કરી દીધી છે. ગોળીબાર કરતા પહેલા હુમલાવર કથિત રૂપે પ્રાર્થના સ્થળ પર ઘુસી આવીને મોટે મોટેથી બૂમો પાડીને બોલ્યો હતો કે યહૂદીઓને જીવવાનો કોઈ અધિકાર નથી, બધા જ યહૂદીઓએ મરી જવુ જોઈએ. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ ઘટના પર દુ:ખ વ્યક્ત કરતા કહ્યું કે, આ ઘટના ખૂબ જ નિંદનિય અને અકલ્પનીય છે. આ ઘટનાની ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવશે. તેમણે ટ્વીટ કરીને લોકોને સુરક્ષિત સ્થાન પર રહેવાની અપીલ કરી.

# કેરલાના અયપ્પા ભગવાનના ભક્તો દ્વારા નામ જપ યાત્રા અંકલેશ્વર ખાતે યોજાઈ હતી



**સુપ્રીમ કોર્ટના ઓર્ડર મુજબ ૧૦ થી ૫૦ વર્ષની મહિલાને શબરીમાલા મંદિરમાં પ્રવેશના વિરોધ્ધમાં રેલી યોજાઈ. દક્ષિણના હિન્દુ સમાજ અને આર.એસ.એસ.ના સંયુક્ત ઉપક્રમે સૂત્રોચ્ચાર,બેનર સાથે સંસ્કૃતિને જાળવવા કરાયો પ્રયાસ.**

ભરૂચ જિલ્લામાં વસતા કેરળના અયપ્પા ભગવાનના ભક્તો દ્વારા દરેક ગામથી અંકલેશ્વર નવજીવન ગ્રાઉન્ડ ખાતે એકત્રીત થઈ સુપ્રીમ કોર્ટના હાલમાં શબરીમાલા અયપ્પા મંદિરમાં ૧૦ થી ૫૦ વર્ષની મહિલાઓને પ્રવેશ આપવાના ચુકાદાને ખોટો ઠેરવી તેના વિરોદ્ધમાં નામ જાપ યાત્રા સંસ્કૃતિની જાળવણી કરવા કાઢી હતી.

કેરળમાં પમ્પા નદીના કિનારે સરોવરની બાજુમાં પહાડ પર સબરીમાલા અયપ્પા મંદિરનું સ્થાન છે.જેની સ્થાપના પરશુરામભગવાને કરી હતી.હિન્દૂ ધર્મ સંસ્કૃતિ મુજબ બ્રહ્મચારી સ્વરૂપ અયપ્પા ભગવાનની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી.જે હજારો વર્ષોથી આ મંદિરમાં ૧૦ થી ૫૦ વર્ષની માહિલાઓને પ્રવેશ હતો નહિ પરંતુ તે ધર્મ સંસ્કૃતિને તોડવા માટે એક દિલ્હીના ધારાશાસ્ત્રીએ સુપ્રીમ કોર્ટમાં પી.આઈ.એલ કરતા ચુકાદો તેની તરફે આવતા આખો દક્ષિણ ભારત હિન્દૂ સમાજ ચિંતિત છે.આ ચુકાદાને નહી માનનારા હિન્દૂ સમાજને કેરળની સરકાર બળજબરી પૂર્વક મનાવવા પ્રયાસો કરી રહી છે.આમ અયપ્પા ભગવાનની પરંપરાને અખંડ રાખવા દક્ષિણ ભારતમાં વસતા દરેક હિન્દૂ સમાજે કમરકસી નામ જપ યાત્રા શરૂ કરવામાં આવી છે.આ યાત્રામાં અયપ્પા સેવા સમાજ,શ્રી નારાયણા ગુરુ સમાજ,નાયર સમાજ અને અંકલેશ્વર અને ભરૂચ અયપ્પા મંદિર સમિતિ ,આર.એસ.એસ. અને દરેક હિન્દૂ સમાજ જોડાયા હતા.

તા.૨૮/૧૦/૨૦૧૮ ના રોજ નવજીવન ગ્રાઉન્ડ જીઆઈડીસી અંકલેશ્વર ખાતે શબરીમાલા અયપ્પા મંદિરમાં ૧૦ થી ૫૦ વર્ષની સ્ત્રીઓને પ્રવેશ પર સુપ્રીમ કોર્ટના ફેસલાની વિરૂધ્ધમાં સંઘ પ્રેરિત શબરીમાલા અયપ્પા મંદિર સેવા સમાજ દ્વારા રેલીનું ( નામ જપ યાત્રા )આયોજન કરવામાં આવ્યું હતું .જેમાં ભરૂચ જીલ્લાના હિન્દૂ સમાજના સર્વે ભાઈ બહેન સંમીલીત થઈ સ્વામીએ અયપ્પા શરણમ શરણમ અયપ્પા સૂત્રોચ્ચાર કરી રેલી નવજીવન ગ્રાઉન્ડ થી શરૂ થઈ ,જલધારા ચોકડી,સરદાર પાર્ક,જીઆઈડીસી પોલીસ સ્ટેશન ચોકડી,નવસર્જન ચોકડી, માનવમંદિર છેલ્લે નવજીવન ગ્રાઉન્ડ સમાપ્ત કરાઈ હતી.

# યૂપીના આઝમગઢમાં ૬ વર્ષની બાળકી પર શિક્ષકે દુષ્કર્મ આચર્યું

લખનઉ

ઉત્તર પ્રદેશના આઝમગઢમાં સ્થિત શાળાના શિક્ષક દ્વારા ૬ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજાર્યાનો મામલો સામે આવ્યો છે. આ ઘટના બે સંપ્રદાયો સાથે જોડાયેલી હોવાથી સમગ્ર વિસ્તારમાં સાંપ્રદાયિક તણાવ ફેલાઈ ગયો હતો. જેના કારણે આઝમગઢ આર્મી છાવણીમાં ફેરવાયું છે. આઝમગઢના મેંહનગર વિસ્તારમાં નિયાજ હૈદરની એમ એન જાફરી પબ્લિક નામની સ્કુલ છે. જેમાં આ ઘટના ઘટી હતી. પોલીસની માહિતી મુજબ શુક્રવારે આ સ્કુલ બંધ હતી. આ શાળામાં બીજા ધોરણમાં અભ્યાસ કરતી એક છ વર્ષીય બાળકી શાળા પાસેની એક દુકાનમાં આવી હતી. જ્યાં શાળાના માલિકનો પુત્ર હૈદર હાજર હતો. હૈદર આજ શાળામાં નર્સરીના બાળકોને ભણાવે છે. દુકાન પર આવેલી બાળકીને બદઈરાદાથી ફોસલાવીને તે બંધ શાળાના પ્રાંગણમાં લઈ ગયો હતો., જ્યાં તેણે બાળકી પર બળાત્કાર ગુજાર્યો હતો. ઘટના પછી બાળકી બુમો પાડવા લાગી હતી જેથી ગભરાઈને હૈદર ફરાર થઈ ગયો હતો. પીડિત બાળકી પોતાના ઘરે પહોચી અને પરિવારજનોને તેની સાથે બનેલી દર્દનાક ઘટનાને જણાવી હતી. જે પછી પીડિત બાળકીના પરિવારજનોએ પોલીસ ફરિયાદ કરી હતી. પોલીસ આરોપીની ધરપકડ કરવા માટે તેના ઘરે પહોચી હતી પરંતુ તે ઘરે ન હતો. આથી પોલીસે તેની ધરપકડ કરવા તપાસ આદરી હતી.

### રશિયા સાથે એસ-૪૦૦ મિસાઈલ,ઈરાન પાસેથી તેલ કરારના કારણે ટ્રમ્પ ભારતથી નારાજ..!!

# મોદીને ઝટકો : ટ્રમ્પે ગણતંત્ર દિવસ પર ભારત આવવાનું નિમંત્રણ ફગાવ્યું

વૉશિંગ્ટન

રશિયા સાથે જી-૪૦૦ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ ડીલ અને ઈરાન પાસે તેલ કરારના કારણે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગણતંત્ર દિવસ પર ચીફ ગેસ્ટ તરીકે ભારત આવવાવા મોદી સરકારના આમંત્રણને ફગાવી દીધું છે. અમેરિકન અધિકારીઓએ આ સંબંધમાં તાજેતરમાં જ ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલને એક પત્ર સોંપ્યો છે. કહેવાય છે કે આ પત્રમાં ટ્રમ્પે ભારત ના આવી શકવા માટે દુ:ખ વ્યક્ત કર્યું છે. કહેવાય છે કે અમેરિકામાં કેટલાંક રાજકીય કાર્યક્રમ અને ટ્રમ્પનું સ્ટેટ ઓફ યુનિયન સંબોધન છે, જે ૨૬મી જાન્યુઆરીની થોડાક દિવસ પહેલાં અથવા તો ઠીક ત્યારબાદ નક્કી થઈ શકે છે.

આ મુદ્દા પર ટ્રમ્પની પ્રતિક્રિયા તેમના પૂર્વવર્તી રાષ્ટ્રપતિ બરાક ઓબામાના વિપરિત છે જે વર્ષ ૨૦૧૫મા તમામ સ્થાનિક જવાબદારીઓ છતાંય ગણતંત્ર દિવસ પર ભારત આવ્યા હતા. ટ્રમ્પે આ આમંત્રણ એવા સમય પર ફગાવ્યું છે જ્યારે ભારત અને અમેરિકાની વચ્ચે સંબંધોમાં તણાવ આવ્યો છે. આ તણાવનું મુખ્ય કારણ રશિયાની સાથે ભારતનો રક્ષા કરાર અને ઈરાનથી તેલની આયાત છે.

આપને જણાવી દઈએ કે અમેરિકાના CAATSA (કાઉન્ટરિંગ અમેરિકાઝ અડવર્સરીઝ થ્રુ સેક્શન્સ એક્ટ)ની અંતર્ગત પ્રતિબંધોની ધમકી બાદ પણ ભારતે તાજેતરમાં રશિયાની સાથે જી-૪૦૦ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ ડીલ ફાઈનલ કરી હતી. ત્યારબાદ રૂસના રાજદૂત નિકોલય કુદાશેવ એ એક 'સ્વતંત્ર' દેશ તરીકે ભારતના કામ કરવાના વખાણ કર્યા હતા.

# પાક.ના પૂર્વ જજના નામે એક,બે નહિ ૨૨૦૦ કાર રજીસ્ટર્ડ...!!

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના એક પૂર્વજજ સિકંદર હયાતને ખબર પડી કે તેમના નામ પર ૨૨૦૦ કાર રજીસ્ટર્ડ છે. હયાતના વકીલ મિયાં જફરે પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેમના ક્લાંયટે અત્યાર સુધીમાં એક જ કાર ખરીદી છે. પાકિસ્તાનના અગ્રણી અખબાર ડૉનમાં પ્રકાશિત સમાચાર પ્રમાણે પૂર્વ જજના નામ પર ૨૨૦૦ કાર રજીસ્ટર્ડ થવાને લઈ સનસનાટી મચી ગઈ છે.

ડૉનમાં છપાયેલા સમાચાર પ્રમાણે પૂર્વજજના વકીલ મિયાં જફરે કહ્યું ક મારા ક્લાયન્ટના નામ પર ૨૨૨૪ કારો રજીસ્ટર્ડ છે. વકીલે ઘટના અંગે સુપ્રીમ કોર્ટને માહિતી આપતા કહ્યું કે થોડાંક દિવસ પહેલાં જ મારા ક્લાયન્ટ અને પૂર્વ જજને એક કારનું ચાલાન મળ્યું હતું. આ કારને તેમણે ખરીદી પણ નહોતી. પંજાબ એક્સાઈઝ એન્ડ ટેક્સેશન ડિપાર્ટમેન્ટ દ્વારા આ બાબતે માહિતી આપતા એ સામે આવ્યું કે હયાત ૨૨૨૪ વાહનોના રજીસ્ટર્ડ માલિક હતા.

પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે પંજાબ એક્સાઈઝ ડિપાર્ટમેન્ટના સચિવ અને ડાયરેકટરે આ કેસમાં એક રિપોર્ટ દાયર કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે એક સપ્તાહની અંદર રિપોર્ટ માંગ્યો છે. પાકિસ્તાનમાં અત્યારે બેનામી સંપત્તિઓને લઈ કેસ ખૂબ જ ગરમાયો છે.

# ૫૬ ૨ દેશી રજવાડાઓનું વિલીનીકરણ એ સરદાર પટેલનો દેશ પર સૌથી મોટો ઉપકાર: મંત્રી ઈશ્વરભાઈ પરમાર

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર ચોર્યાસી તાલુકાની એકતા યાત્રામાં જોડાયા**





**ચોર્યાસી તાલુકાની એકતા યાત્રાને ઠેર ઠેર ઉષ્માભર્યો આવકાર આપતાં ગ્રામજનો**

**નાગરિકોમાં એકતાનો સંદેશ ગુંજતો કરવા ચોર્યાસી તાલુકાના વિવિધ ગામોમાં એકતા રથે પરિભ્રમણ કર્યું**

સુરત

સરદાર પટેલના એકતાના સંદેશને ગામેગામ ગુંજતો કરવા રાજ્યભરમાં પ્રારંભ થયેલી પ્રથમ તબક્કાની એકતા યાત્રા અંતર્ગત સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ચોર્યાસી તાલુકાની એકતા યાત્રામાં જોડાયા હતા. 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની પ્રતિકૃતિ સાથે એકતાનો સંદેશ લઈને ગામેગામ ફરી રહેલા એકતા રથે દિવસભર ચોર્યાસી તાલુકાના ભાટિયા, કછોલી, લાજપોર, તલંગપોર, પારડી કણદે, ભાણોદ્રા-એકલેરા, વક્તાણા તેમજ વાંઝ ગામમાં પરિભ્રમણ કરી ગ્રામજનોને સરદાર પટેલના એકતાના સંદેશ અને 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' વિષે માહિતગાર કર્યા હતા. એકતા યાત્રાને ઠેર ઠેર ગ્રામજનોએ ઉષ્માભર્યો આવકાર આપી પુષ્પવર્ષા કરી વધાવી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું કે, ૫૬૨ દેશી રજવાડાઓનું વિલીનીકરણ એ સરદાર પટેલનો દેશ પર સૌથી મોટો ઉપકાર છે. સરદાર સાહેબના દેશ પ્રત્યેના યોગદાનને રાષ્ટ્ર ક્યારેય ભૂલશે નહિ. આજની નવી પેઢી તેમના જીવનમાંથી પ્રેરણા લઈ આદર્શ વ્યક્તિ બને તે માટે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ થયું છે. જેને આગામી તા.૩૧ ઓક્ટોબરે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી લોકાર્પણ કરશે. ગુજરાતના ગૌરવ એવા સરદાર સાહેબના જીવન સંદેશને ઘર-ઘર સુધી પહોચાડવા અને એકતા અને અખંડિતતાનો સંદેશ ગુંજતો કરવા એકતા યાત્રામાં જોડાવાનું સૌભાગ્ય મળ્યું એ બદલ તેમણે ધન્યતા અનુભવી હોવાનું જણાવ્યું હતું.

વિશ્વની સૌથી ઊંચી સરદાર સાહેબની પ્રતિમાનું અનાવરણ ગુજરાત અને દેશ માટે એક વિરલ અને ઐતિહાસિક ઘટના બનશે. દેશને એક તાંતણે બાંધનાર સરદારને આટલું ભવ્ય અને અપ્રતિમ સન્માન બીજું કોઈ ન હોઈ શકે એમ શ્રી પરમારે જણાવ્યું હતું.

ભાટિયા ગ્રામજનોએ ભવ્ય આતશબાજી કરી એકતા રથનું સ્વાગત કર્યું હતું. ઉપરાંત ભાટિયાના યુવાનોએ સરદાર પટેલના જીવન અને યોગદાન પર એક નુક્કડ નાટક ભજવીને તેમને અંજલિ આપી

આભાર - નિહારીકા રવિયા હતી. મંત્રીશ્રી સહિત મહાનુભાવોએ સરદાર પટેલની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી હતી. એકતા રથના આગમન સાથે જ ગ્રામજનોએ ફૂલહાર અને કુમકુમ તિલક કરી એકતા યાત્રાને ઉમળકાભેર વધાવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, જિલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી હિતેન્દ્રસિંહ વાંસિયા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી દલપતભાઈ પટેલ સહિત અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી પાલિકાની પેટા ચુંટણી, પ્રથમ બે કલાકમાં માત્ર છ ટકા જેટલું નીરસ મતદાન



મોરબી નગરપાલિકાના વોર્ડ નં ૦૨ ની એક બેઠક પર આજે પેટા ચુંટણી યોજાઈ રહી છે જેમાં વિવિધ મતદાન મથકોએ સવારથી પોલીસના બંદોબસ્ત વચ્ચે મતદાન શરુ થયું છે જોકે પેટા ચુંટણીમાં નીરસ મતદાન જોવા મળ્યું છે અને માત્ર છ ટકા મતદાન જ નોંધાયું છે

મોરબી પાલિકામાં ભાજપ પાસે ૨૬ અને કોંગ્રસ પાસે ૨૫ સભ્યોના સંખ્યાબળ સાથે યોજાઈ રહેલી એકમાત્ર પેટા ચુંટણીમાં જીત મેળવવી બંને પક્ષો માટે જરૂરી હોય ત્યારે આજે વોર્ડ નં ૦૨ ની એક બેઠકની પેટા ચુંટણી માટે સવારથી શરુ થયેલા મતદાનમાં મતદારોએ નીરસતા દાખવી હતી અને સવારે ૮ થી ૧૦ એમ પ્રથમ બે કલાકમાં માત્ર છ ટકા જ મતદાન નોંધાયું છે

# સુરત, નવસારી અને વલસાડ જિલ્લાના ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઈ

**પર્યાવરણની સુરક્ષા અને જાળવણી એ આપણી સહિયારી જવાબદારી છે: મંત્રી જયદ્રથસિંહ પરમાર**

સુરત

ઔદ્યોગિક એકમો, ડાઈંગ મિલોનું વધી રહેલા પ્રદુષણને ડામવા માટે આકરા પગલા લેવાની તાકીદ પર્યાવરણમંત્રીશ્રી જયદ્રથસિંહ પરમારે કરી હતી.

પર્યાવરણમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને સુરત સરકીટ હાઉસ ખાતે સુરત, નવસારી અને વલસાડ જિલ્લાઓની પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓની કામગીરી સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠકમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, પર્યાવરણની સુરક્ષા અને જાળવણી એ આપણી સહિયારી જવાબદારી છે, ત્યારે પર્યાવરણના પ્રદુષણ બાબતે આવતી ફરિયાદી અરજીઓનો સમયમર્યાદામાં નિકાલ થાય તે જરૂરી છે. વાપી ખાતે છેલ્લા મહિનાઓ દરમિયાન પ્રદુષણની માત્રામાં થયેલા વધારા બાબતે મંત્રીશ્રીએ પ્રદુષણ ફેલાવતા એકમો ઉપર કડક પગલા લેવા જણાવ્યું હતું. સુરતના પલસાણા તથા પાંડેસરા વિસ્તારના એકમો, ડાઈંગ મિલો દ્વારા ટ્રીટમેન્ટ કર્યા વિના બારોબાર ટેન્કરો અથવા તો નદીઓમાં પ્રદુષિત પાણી છોડવા બાબતે સતત અને સ્ટ્રીક મોનિટરીંગ કરીને તાકીદે પગલા લેવા અધિકારીઓને સૂચનાઓ આપી હતી. પ્રદુષિત વેસ્ટ કચરો ટેન્કરો દ્વારા બારોબાર ઠાલવતા હોય તેઓને પકડીને ફોજદારી કરવાના આદેશો મંત્રીશ્રીએ આપ્યા હતા.

આ બેઠકમાં જી.પી.સી.બી.ના સુરત પ્રાદેશિક અધિકારીશ્રી આર.વી.પટેલ, નવસારી, સરીગામ, અને વાપીના પ્રાદેશિક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્માર્ટસીટી પ્રોજેક્ટ સંદર્ભે મહાનગરપાલિકાને રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ મળ્યો

**સુરત મહાનગરપાલિકાની વિવિધ ઉત્કૃષ્ઠ અને તવરીત સુવિધાની રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાઈ**

સુરત

સુરત મહાનગરપાલિકાને સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંગે વિવિધ સુવિધા માટે વધુ એક રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

સુ.મ.પા.એ આઈટીએમ એસ, આઈટી (એમએસી) અને એજીસીએસ હેઠળ જે કામગીરી કરેલ છે તેની નોંધ કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલ હોવાની આ મહત્વપૂર્ણ ઘટના છે. બીઆરટીએસ, સીટી બસ સર્વિસીસમાં ઉક્ત નવીનતમ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સુ.મ.પા.એ નાગરિકોને ત્વરીત, ઉત્કૃષ્ટ સુવિધા પૂરી પાડેલ ચે. જેના માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસનું આયોજન નવી દિલ્હીના એરોસીટી ખાતે તા.૨૫ થી ૨૯ ઓક્ટોબર દરમ્યાન આયોજન કરવામાં આવ્યું. સદરહુ કાર્યક્રમનું ઉદ્ઘાટન મા.મંત્રી મનોજ સિંહા, મિનીસ્ટર ઓફ કોમ્યુનિકેશન અને રાજ્ય કક્ષાના મંત્રી દ્વારા કરવામાં આવેલ. સદરહુ કાર્યક્રમને મા.મંત્રી દ્વારા એક મહત્ત્વની ઘટના, ગણાવવામાં આવેલ. તેમજ તેમને ડિજીટાઈસેઝનનું મહત્ત્વ, ભારત દેશના આર્થિક વિકાસ સાથે સંકળાયેલ છે તેના પર ખાસ મહત્ત્વ આપેલ.

સદરહુ ઈન્ડિયા મોબાઈલ કોંગ્રસ, દક્ષિણ એશિયાનું સૌથી મોટું ટેલીકોમ ફોરમ છે. આ કાર્યક્રમના ભાગરૂપે ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ દ્વારા એક્સેલન્સ ઈન ઈન્ફોર્મેશન, કોમ્યુનિકેશન એન્ડ ટેલીકોમ્યુનિકેશનના ક્ષેત્રમાં એવોર્ડ એનાયત કરવામાં આવે છે. સદરહુ એવોર્ડ, ઉક્ત ક્ષેતમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ આપવામાં આવે છે. આ એવોર્ડ નવીનતમ કામગીરી કરવા બદલ આપવામાં આવે છે. જેમાં સ્માર્ટ સીટી, ડિજીટલ ટેક્નોલોજી, ગ્રીન ટેક્નોલોજી, ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે.

**પીએમ મોદી,અમિત શાહ સહિતના નેતાઓએ શ્રદ્ધાંજલિ પાઠવી**

# દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી મદન લાલ ખુરાનાનું ૮૨ વર્ષે નિધન

ન્યુ દિલ્હી

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી મદદ લાલ ખુરાનાનું શનિવારા રાત્રે તેમના નિવાસસ્થાને નિધન થઈ ગયું હતું. તેઓ છેલ્લા થોડા સમયથી બીમાર હતા. તેમની ઉંમર ૮૨ વર્ષ હતી. તેમના પુત્ર હરિશ ખુરાનાએ જણાવ્યું હતુંકે, તેમણે કિર્તી નગર ખાતે આવેલા નિવાસસ્થાને શનિવારે રાત્રે ૧૧ વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ છેલ્લા છોડા દિવસથી છાતિના ઈન્ફેક્શન અને તાવથી પીડાઈ રહ્યા હતા.

મદદ લાલ ખુરાના વર્ષ ૧૯૯૩થી ૧૯૯૬ દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી તરીકે કાર્યકર રહ્યા હતા. તેઓ ચાર વખત સંસદ સભ્ય પણ રહી ચુક્યા છે. અટલ બિહાર વાજપાયી સરકારમાં તેઓ સંસદીય બાબતો તેમજ પ્રવાસન મંત્રી પણ રહી ચુક્યા છે. ૨૦૦૪માં તેઓ રાજસ્થાનના ગવર્નર પદે પણ રહી ચુક્યા છે.

પીએમ મોદી, બીજેપી પ્રમુખ અમિત શાહ સહિતના નેતાઓએ મદદ લાલ ખુરાનાના નિધન પર તેમને શ્રદ્ધાંજલિ પાઠવી હતી, તેમજ તેમના પરિવારજનોને સાંત્વના આપી હતી.

પીએમ મોદીએ ટ્વટિ કરતા લખ્યું છે કે,દિલ્હીમાં જે રીતે મદદ લાલ ખુરાનાએ બીજેપીને મજબૂત બનાવી હતી તે બદલ તેમને હંમેશા યાદ કરવામાં આવશે. તેમના પરિવાર અને સમર્થકોને મારી સહાનુભૂતિ પાઠવું છું.

**મોરબી જિલ્લાના ચકચારી નાની સિંચાઈ યોજના હેઠળના**

# તળાવ કૌભાંડમાં હળવદના ધારાસભ્ય અને અને તેમના મિત્ર એવા વકીલની સતાવાર ધરપકડ કરતા ભારે ચકચાર

**વિધાનસભામાં હળવદ તળાવ કૌભાંડ નહિ ઉખેડવા માટે વચેટિયા મારફતે ૧૦ લાખ એડવાન્સ મેળવ્યાનો પોલીસનો ખુલાસો**

મોરબી : મોરબી જિલ્લાના ચકચારી નાની સિંચાઈ યોજના હેઠળના તળાવ કૌભાંડમાં હળવદના ધારાસભ્ય પરસોતમભાઈ સાબરીયાને આ મુદ્દો વિધાનસભામાં નહિ ઉઠાવવા કૌભાંડિયાઓ સાથે ૩૫ લાખ રૂપિયામાં ડીલ ફાઈનલ થઈ હતી અને તે પેટે વકીલ ભરત ગણેશિયા મારફતે ૧૦ લાખ ચુકવવામાં આવ્યા હોવાનો ખુલાસો આજે મોરબી જિલ્લા પોલીસવડા ડો.કરનરાજ વાઘેલાએ પત્રકાર પરિષદમાં કર્યો હતો.

મોરબી જિલ્લામાં આચરવામાં આવેલા તળાવ કૌભાંડ મામલે ગઈકાલે મોડીરાત્રે પોલીસ દ્વારા હળવદના ધારાસભ્ય પરસોત્તમભાઈ સાબરીયા અને વકીલ ભરતભાઈ ગણેશિયાની અટકાયત કરી આજે સવારથી પોલીસ દ્વારા સઘન પૂછપરછ કરવામાં આવી રહી હતી જેમાં મોરબી જિલ્લા પોલીસવડા ડો.કરનરાજ વાઘેલાએ સાંજે પત્રકાર પરિષદ યોજી ધારાસભ્ય અને વકીલની અટકાયત અંગે સતાવાર વિગતો આપી હતી.

જિલ્લા પોલીસવડા ડો.કરનરાજ વાઘેલાએ જણાવ્યું હતું કે તળાવ કૌભાંડમાં અગાઉ માજી ઈજનેર સહિત ચાર શખ્સોની અટકાયત કરી ઊંડાણ પૂર્વક તપાસ દરમિયાન પોલીસને પૂરતા પુરાવા મળ્યા હતા કે હળવદના ધારાસભ્ય પરસોત્તમભાઈ સાબરીયા વિધાનસભામાં તળાવ કૌભાંડનો પ્રશ્ન નહિ ઉખેડવા તેમના વચેટીયા એવા વકીલ ભરત ગણેશિયા મારફતે ૪૦ લાખની માંગણી કરાઈ હતી અને છેલ્લે ૩૫ લાખમાં ડીલ થઈ હતી જે પેટે ૧૦ લાખ રૂપિયા ધારાસભ્યને ચૂકવાયા હતા અને બાકીની રકમના ચેક સંડોવાયેલ મંડળીના હોદેદારો દ્વારા આપવામાં આવ્યા હતા. આમ, મોરબી પોલીસે હાલમાં તળાવ કૌભાંડમાં પૂરતા પુરાવા મેળવી ધારાસભ્ય અને તેમના મિત્ર એવા વકીલની સતાવાર ધરપકડ કરતા ભારે ચકચાર જાગી છે.

# કારીગરો અને કારખાનેદારો વચ્ચે ઘર્ષણ ટાળવા વર્કશોપ યોજાયો

**નિવૃત્ત ઔદ્યોગિક નિયામકે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું**

સુરત

શુક્રવાર ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે કલેક્ટર કચેરી ના સભાગૃહ ખાતે તાજેતરમાં એમ્બ્રોઈડરી ના યુનિટના માલિકો અને કારીગરો વચ્ચે અઠવાડિક રજા તથા અન્ય મૂદ્દે ઉભી થયેલી મડાગાંઠ ભવિષ્ય માં ફરીથી ન ઉદ્ભવે તથા શ્રમીકો અને ફેક્ટરી માલિકો વચ્ચે ઘર્ષણ ઘટાડવા ના પ્રયાસરૂપે, એમ્બ્રોઈડરી યુનિટ ધારકો ને શ્રમ કાયદા ની જોગવાઈઓ ની જાણકારી આપવા માટે શ્રમ તથા રોજગાર વિભાગ તરફથી વર્કશોપનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ કરતાં વધુ યુનિટ ધારકોને નિવૃત નાયબ નિયામક ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય સુરત, એલ કે ડુંગરાણી દ્વારા સરળ શબ્દોમાં શ્રમ કાયદા ની જોગવાઈઓ ની સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગે શ્રમ તથા રોજગાર વિભાગ તરફથી M. N. ગામેતી, શ્રમ વિભાગ તરફથી G. L. પટેલ, એમ્બ્રોઈડરી યુનિટ એસોસિએશન તરફથી એસોસિએશન ના પ્રમુખ શ્રી દિનેશભાઈ અણઘણ, SGPC ના પ્રમુખ કુ. આશા દવે તથા માનદ્ મંત્રી શ્રી યોગેશભાઈ ઘીવાળા ઉપસ્થિત રહ્યા હતા.

# હવે સ્માર્ટ થાંભલા લગાવશે તમારા વિસ્તારનું પ્રદૂષણ લેવલ...!!

ન્યુ દિલ્હી

સરકારી ટેલીકોમ કંપની બીએસએનએલ તમારા વિસ્તારમાં એવા સ્માર્ટ થાંભલા લગાવશે કે જે તમારા વિસ્તારનું પોલ્યુશન લેવલ જણાવશે. આના માટે બીએસએનએલ અને ખાનગી ક્ષેત્રની કંપની નોકિયાએ એક કરાર કર્યો છે. આ કરાર અંતર્ગત બંન્ને કંપનીઓ દેશભરમાં સ્માર્ટ થાંભલા લગાવશે. સ્માર્ટ થાંભલા જે-તે વિસ્તારમાં પ્રદૂષણનું સ્તર જાણશે અને તે આંકડાઓ સંબંધિત સરકારી કાર્યાલય સુધી મોકલી આપશે. અને આના કારણે પ્રદૂષણને નિયંત્રિત કરવાની કાર્યવાહી શરુ કરી શકાશે.

આ મામલે બીએસએનએલના સીએમડી અનુપમ શ્રીવાસ્તવે જણાવ્યું કે બીએસએનએલે શરુઆતના ધોરણે નોકિયા પાસેથી આ પ્રકારના ૫૦ થાંભલા ખરીદ્યા છે. અમે નોકિયા સાથે કરાર કર્યો છે. અમે લોકો દેશભરમાં આ પ્રકારના સ્માર્ટ થાંભલા લગાવીશું. આનાથી કોઈપણ વિસ્તારમાં પ્રદુષણનું સ્તર જાણી શકાશે અને તેના પર નિયંત્રણ મેળવવા માટે સમય અનુસાર પગલાં ભરી શકાશે.

આ પ્રકારના સ્માર્ટ થાંભલાની કીંમત વિશે જો વાત કરવામાં આવે તો એક સ્માર્ટ થાંભલાની કીંમત ૪૬ લાખ રુપિયા છે. આ સ્માર્ટ થાંભલા મોબાઈલ ટાવર, વાઈફાઈ હોટસ્પોટ, સ્ટ્રીટ લાઈટ, અને દેખરેખ યંત્ર તરીકે પણ કાર્ય કરશે. શ્રીવાસ્તવે જણાવ્યું કે બીએસએનએલ અને નોકિયા આ થાંભલાઓના ઈન્સ્ટોલેશન માટે દરેક રાજયના જે તે શહેરના કોર્પોરેશન સાથે વાત કરશે.

### મોરબી જિલ્લામાં ધખધખતા તળાવ કૌભાંડમાં

# ધારાસભ્ય પરસોતમ સાબરીયા ભાગીદાર હોવાની આશંકા પોલીસ દ્વારા પુછપરછ કરાતા ખળભળાટ મચી ગયો

**એન્કર - મોરબી જિલ્લામાં ૩૦ કરોડના નાની સિંચાઈ યોજનામાં નવો વળાંક ધારાસભ્ય સાબરીયા મોસના મહેમાન બનતા રાજકીય આલમમાં ફફડાટ મચી જવા પામ્યો છે**



વિયો - મોરબી જિલ્લામાં નાની સિંચાઈ યોજના હેઠળ તળાવ ઉંડા ઉતારવા અને રિનોવેશન કરવા સરકારશ્રીએ કરોડો ફાળવ્યા હતા પણ કહેવાય છેને કામ પહેલા ખાવાનો આગ્રહ રાખતા અધિકારીઓથી માંડી રાજકીય નેતાઓ આ તળાવ કૌભાંડમાં સપડાયા હોવાનુ જણાતા હળવદ ધાંગ્રધા સીટના ધારાસભ્ય પરસોતમ સાબરીયાને પોલીસનુ તેડુ આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે જે તળાવ કૌભાંડનુ ભુત હજુ પણ ધુણવાનુ બંધ થવાનુ નામ ન લેતુ હોય આજે નવો વળાંક આવ્યો છે જેમા ગઈકાલે મોડીરાત્રેએ મોરબી એ ડિવિઝન પોલીસે ધારાસભ્ય અને તેમના નજીકના સાથીને મોરબી લઈ આવી પુછપરછ હાથ ધરી હોવાનુ સુત્રો દ્વારા જાણવા મળ્યુ છે સમગ્ર મોરબી જિલ્લાને હચમચાવી નખનાર ૩૦ કરોડના નાની સિંચાઈ યોજનામાં તપાસનીશ એ ડિવિઝન પોલીસ દ્વારા ગઈકાલે મોડી રાત્રે હળવદના ધારાસભ્ય પરસોતમ સાબરીયા અને તેમના નજીકના સાથીદારને એ ડિવિઝન પોલીસ મથકે લાવી પૂછપરછ શરૂ કરતાં સનસનાટી મચી ગઈ છે મોરબી જિલ્લામાં નાની સિંચાઈ યોજના અંતર્ગત હળવદ માળીયા મોરબી સહિતના તાલુકાઓમાં તળાવ ઊંડા ઉતારવા અને તળાવના રીનોવેશન કરવાના નામે મોરબી જિલ્લાના તત્કાલીન કાર્યપાલક ઈજનેર અને તેના મળતિયા કન્સલ્ટિંગ એજન્સીના માલીક દ્વારા ખોટા અંદાજો અને નકશા બનાવી સરકારને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડવામાં આવતા આ મામલે કાર્યપાલક ઈજનેર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા એ-ડિવિઝન પોલીસે તપાસ શરૂ કરી ચાર આરોપીઓને ઝડપી લઈ કૌભાંડના મૂળ સુધી પહોંચવા ૧૨ થી વધુ ગામોમાં સ્થળ તપાસ પણ કરી હતી જેમાં ગત મોડી રાત્રે હળવદના ધારાસભ્ય પરસોતમ સાબરીયા અને તેમના નજીકના સાથીદારને મોરબી લાવી પૂછપરછ કરવામાં આવી છે ઉલ્લેખનીય છે કે મોરબી જિલ્લાનાં કરોડો રૂપિયાના નાની સિંચાઈ યોજનાના તળાવ કૌભાંડમાં અનેક મોટાગજાના રાજકારણીઓના નામ પણ ઉછળી રહ્યા છે અને રાજકીય પક્ષના સંગઠનના હોદેદારોની પણ સંડોવણી આ પ્રકરણમાં ખુલે તેવી દહેશત વચ્ચે હળવદ ધારાસભ્ય પોલીસના મહેમાન બનતા ખળભળાટ મચી ગયો છે. આની જાણ થતાંજ મોરબી જિલ્લાના બે ધારાસભ્ય, જિલ્લા પંચાયત-મોરબીના પ્રમુખ સહિત બહોળી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો એ ડીવીઝન ખાતે દોડી આવ્યા હતા.

# મોરબી ના લીલાપર રોડ થયેલ હત્યા મામલો રાજ્યપાલને પત્ર લખી ન્યાયની માંગણી

મોરબીના લીલાપર રોડ પર ગત તા.૧૩ ના રોજ યુવાનની થયેલ હત્યા મામલે ઈન્ડિયન હ્યુમન રાઈટ્સ એસોસિએશન દ્વારા રાજ્યપાલ પાસે ન્યાયની માંગણી કરી છે.

જેમાં જણાવ્યું છે કે ગત તા.૧૩ ના રોજ લીલાપર રોડ પર રહેતા દશ થી બાર શખ્સો તથા બે-ત્રણ પોલીસ કર્મચારીએ મૃત્યુ પામેલ યુવાન અને તેમના બે સગાભાઈઓને અસહ્ય માર મારેલ હતો અને સમયસર તબીબી સારવાર અર્થે લઈ ગયેલ ન હતા જેના કારણે જયરાજ જીલુભાઈ ગોગરાનામના યુવાનનું મૃત્યુ નીપજ્યું હતું.આ બનાવની અંદર મોરબી એ ડીવીઝન પોલીસ વિભાગના પોલીસ કર્મચારીઓ પણ સામેલ હોય જેની પાસેથી આ બનાવની તપાસ પરત લઈ યોગ્ય તપાસ એજન્સી જેવી કે સી.આઈ.ડી. ને આપવા માટે માંગ કરી છે જેથી મૃત્યુ પામેલ યુવાનના પરિવારને યોગ્ય ન્યાય મળી રહે તેમજ સમાજમાં પોલીસ વિભાગ પ્રત્યે અસંતોષ ઉભો ન થાય જે મામલે ગુજરાતના રાજ્યપાલને લેખિતમાં રજૂઆત કરી છે.

# ભરૂચ શહેર માં હેરીટેજ વોક યોજાઈ

ભરૂચ નગરમાં આવેલ ઐતિહાસિક મહત્વ ધરાવતા સ્થળો/ઈમારતો માટેની મુલાકાત લઈ તે સ્થળોનું ઐતિહાસિક મહત્વ સમજાવવા માટે હેરીટેજ વોક યોજાઈ.

ભરૂચ નગરમાં નથું ધોભણ ધર્મશાળા, સ્વામિનારાયણ મંદિર સામે, દાંડીયા બજાર - ભરૂચ ખાતે હેરીટેજ વોક યોજાઈ હતી અને પ્રથમ તબક્કામાં દસ જેટલાં હેરીટેજ સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી.

કલેક્ટર રવિકુમાર અરોરાએ જણાવ્યું હતું કે, નર્મદા નદીના તટ પર વસેલું ભરૂચ શહેર ભૃગૂકચ્છ ના નામથી પ્રખ્યાત બનેલું હતું. ભરૂચ પોતાની ઐતિહાસિક ઓળખ ધરાવતું નગર છે.ભૃગૂ ઋષિ ની તપોભૂમિ એવી આ ધરા પર આવેલ ભૃગૂકચ્છ ના ફુરજા બંદરની જાહોજલાલી જગવિખ્યાત હતી. ભરૂચ શહેરમાં ઐતિહાસિક મહત્વ ધરાવતા ધણા સ્થળો, મંદિરો તથા ઈમારતો આવેલ છે. આ સ્થનોનું મહત્વ આજની પેઢી સમજી શકે તે માટે અને ઐતિહાસિક વારસો લોક ઉજાગર કરવાની જરૂરીઆતને ધ્યાને લઈ જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટી - ભરૂચ ધ્વારા ઐતિહાસિક મહત્વ ધરાવતા સ્થળો - ઈમારતોનું ભરૂચ જિલ્લામાં કાર્યરત કંપનીઓ - સંસ્થાઓ પાસેથી સી.એસ.આર હેઠળ ફંડ મેળવી નવીનીકરણ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

નગરપાલિકા પ્રમુખ સુરભીબેન તમાકુવાલા અને હરેશ જોશીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

આ હેરીટેજ વોકમાં કલેક્ટર રવિકુમાર અરોરા, નગરપાલિકા પ્રમુખ સુરભીબેન તમાકુવાલા, સિટીઝન કાઉન્સીલના પ્રમુખ કમલેશ ઉદાણી, ચીફ ઓફિસર સંજય સોની તથા શહેરીજનો જોડાયા હતા.

# સામી દિવાળીએ ટેક્સટાઈલ્સ માર્કેટમાંથી બે વેપારીનું ઉઠમણું

**બન્ને વેપારીઓ દુકાન બંધ કરીને છૂ થઈ ગયા**

સુરત

કાપડ બજારમાં વધુ બે વેપારીનું લાખ્ખો રૂપિયામાં ઉઠમણુ કર્યું હતું. કાપડ બજારમાંથી માલ ખરીધ્યા બાદ અનેક વેપારીઓ સાથે છેતરપિંડી કરી દુકાનો બંધ કરી બન્ને વેપારી ભાગી છૂટ્યા હતા.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સીટીલાઈટ કે.પી. એમ. રેસિડેન્સીમાં રહેતા અજય વિજયભાઈ ગંભીરે આરોપી હર્ષદભાઈ બટુકભાઈ ભીંગડારિયા) (લેન્ડ માર્ક એમ્પાયર) જીતેન્દ્ર રાઠી (સેન્ટોસા - ભીમરાડ-કેનાલ રોડ) વિરુદ્ધ ફરિયાદ નોધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદી અને અન્ય વેપારીઓ પાસેથી રૂા. ૧૬,૪૧,૭૨૫ની કિંમતનો માલ ખરીદી પેમેન્ટ ચૂકવવાને બદલે દુકાનો બંધ કરી દીધી હતી. સલાબતપુરા પોલીસે ફીરયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

# સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૩૧'મીએ રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરાશે

**આવતા બુધવારે સુરત શહેરમાં રનફોર યુનિટીનું આયોજન**

સુરત

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મતિથિ ૩૧મી ઓક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવાનું ભારત સરકાર દ્વારા નક્કી થયેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર, સુરત શહેર પોલીસ અને સુરત ગ્રામ્ય પોલીસના સંયુક્ત ઉપક્રમે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મ જયંતી ઉજવણી નિમિત્તે તા.૩૧-૧૦-૨૦૧૮ને બુધવારના રોજ સવારે ૭.૩૦ કલાકે સ્વર્ણિમ સર્કલ, ફાલસાવાડી જંકશન, રિંગરોડથી દિલ્હીગેટ થઈ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા, રેલવે સ્ટેશન સુધી રન ફોર યુનિટી તથા સવારે ૮.૦૦ કલાકે સુરત રેલવે સ્ટેશન સામે સરદાર વલ્લભભાઈ પટેલને સુતરાંજલી અને વંદના બાદ રાષ્ટ્રીય એકતા શપથનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના પદાધિકારીઓ, સાંસદો, ધારાસભ્યો, મ્યુનિ. સભ્યો, સુત શહેર પોલીસ જવાનો, વોચ એન્ડ વોર્ડના સિક્યુરિટી અને ફાયરના જવાનો, ૧૨ થી વધુ વયના વિદ્યાર્થીઓ તથા નગરજનો જોડાશે.

પ્રખર રાષ્ટ્રભક્ત અને પ્રજા વત્સલ રાજપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલનું દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અને દેશની એકતા અખંડિતતામાં અમૂલ્ય યોગદાન રહ્યું છે. ભારત રત્નથી સન્માનિત ગુજરાતના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલને આદરાંજલી આપવા યોજાનાર રન ફોર યુનિટી સુતરાંજલી સહ વંદના તેમજ રાષ્ટ્રીય એકતા શપથ કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને નિમંત્રણ છે.

# ગરુડેશ્વર તાલુકા ના સમારીયા ગામના મોદી ભક્ત ખેડૂતે પોતાની ફૂલ ની વાડી માં મોદીના નામના ફૂલના છોડ ઉગાડ્યા



**૨૦૦ બાય૧૦૦ ચો.મી.માં લેમન ગલગોટા ના ફૂલ વચે કેસરી ગલગોટા વડે પી એમ મોદી નું નામ ઉભા છોડ વાવી દર્શાવ્યું**

**પી એમ મોદી અને સી એમ રૂપાણી એમના ખેતર ની મુલાકાતે આવે એવા દ્રઢ આશય થી ત્રણ મહિના ની ખેતી માં મોદી ના નામનો ઉલ્લેખ કર્યો**

રાજપીપળા : નર્મદા જિલ્લા માં એક તરફ આદિવાસી સંગઠનો દ્વારા સ્ટેચ્યુ નો વિરોધ જોવા મળી રહ્યો છે ત્યારે બીજી તરફ ગરુડેશ્વર તાલુકા ના સમારીયા ગામના એક ખેડૂત અને મોદી ભક્ત એવા ઉપેન્દ્રસિંહ કેસરીસિંહ ગોહિલ દ્વારા પોતાની ફૂલો ની ખેતી ની વાડી માં ત્રણ મહિના ની મેહનત બાદ હાલ સ્ટેચ્યુ ના લોકાર્પણ માટે આવતા પી એમ મોદી માટે ગલગોટા ના છોડ દ્વારા મોદી ના નામનો ઉલ્લેખ કરતા છોડ ઉભા કર્યા છે જેમાં આજુબાજુ માં લેમન ગલગોટા ના છોડ અને વચ્ચે જયાં મોદી નું નામ છે ત્યાં કેશરી ગલગોટા ના છોડ ઉગાડી પોતાની મોદી ભક્તિ વ્યક્ત કરી હતી

ઉપેન્દ્રસિંહ ના જણાવ્યા મુજબ ૨૦૦ બાય૧૦૦ ચોરસ મીટર ની જગ્યા માં એમને ત્રણ મહિના ની મેહનત બાદ પી એમ મોદી ના નામનો ઉલ્લેખ કરતા ફૂલ ના છોડ ઉગાડ્યા છે અને પી એમ મોદી અને રૂપાણી તેમના ખેતર ની મુલાકાતે આવે એવો પણ તેમને આશાવાદ વ્યક્ત કરતા પોતાની મોદી પ્રત્યે ને લાગણી ને ફૂલો દ્વારા વ્યક્ત કરી હોવાનું જણાવ્યું હતું.

# નર્મદા ના પ્રતાપનગર અને રાજપીપળા પાસે આદિવાસીઓ એ પોસ્ટરફાડ યુદ્ધ ચાલુ રાખતા તંત્ર મૂંઝવણ માં મુકાયું





રાજપીપળા : સ્ટેચ્યુ ઓફ યુનિ ને લઈ આદિવાસી સંગઠનઓ એ બંધ નું એલાન આપ્યું છે ત્યારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવાયો છે હવે ૩૧ ઓક્ટોમ્બર ને ગણતરી ના દિવસો બાકી છે ત્યારે નર્મદામાં લાગેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી ના પોસ્ટરો ,હોલ્ડીગો માંથી પી એમ ના ફોટા ને ફાડવાનું નર્મદા માં પોસ્ટર ફાડ યુદ્ધ હજુ યથાવત હોય તંત્ર માટે એક ચેલેન્જ બની ગયું છે ત્યારે અમુક જગ્યાએ હોલ્ડીગો પાસે પોલીસ ખડે પગે જોવા મળે છે જેથી કોઈ મોદી કે રૂપાણી ના ફોટા ન ફાડી શકે છતાં નર્મદા ના અમુક ગામો માં હજુ આ પોસ્ટર ફાડ યુદ્ધ યથાવત જોવા મળે છે અને રોજે રોજ પી એમ ના ફોટા પોસ્ટરો માંથી ફાટી રહ્યા હોય માટે હાલ આ પોસ્ટર ફાડ યુથ અટકાવવા અને આદિવાસીઓ આમ ન કરે એ માટે તંત્ર દ્વારા આવા બેનરો માં ક્રાંતિકારી બિરસા મુંડા ના ફોટા મુકવામાં આવ્યા છે છતાં પણ ચાલાક અને વિરોધ કરતા અમુક આદિવાસીઓ દ્વારા બિરસા મુંડા ના ફોટા રહેવા દઈ બાકીના આખા પોસ્ટર ને ફાડવામાં આવી રહ્યા છે તો હવે પોલીસ કે વહીવટી તંત્ર શું કરે એ મૂંઝવણ માં છે એમ હાલ આદિવાસીઓ નો વિરોધ ચરમસીમા એ જઈ રહેલો જોવા મળે છે .ત્યારે હવે સ્ટેચ્યુ ના લોકાર્પણ સમયે આદિવાસી સંઘટનો નું બંધ નું એલાન કેટલું સફળ થશે એ જોવું રહ્યું .

### મોરબીના સ્કીન સ્પેશીયાલીસ્ટ ડો. જયેશ ભાઈ સનારીયાને

# તબીબી ક્ષેત્રે તેમણે કરેલ કામગીરી બદલ મળ્યો એવોર્ડ

**૨૦૧૫-૧૬ મા રાજ્ય કક્ષાનો બેસ્ટ ક્લીનીક એવોર્ડ અને વર્ષ ૨૦૧૭-૧૮ માં મોરબી આઈએમએ દ્વારા બેસ્ટ એકેડેમિક એવોર્ડ પણ એનાયત કરવામા આવેલ હતો.**



મોરબી : તાજેતર મા ઈન્ડીયન મેડીકલ એશોસિયેશન ગુજરાત બ્રાંચ દ્વારા રાજય કક્ષાનુ અધિવેશન ચૈસ્છર્ઝ્ર-૨૦૧૮ યોજવા મા આવ્યુ હતુ. જેમા તબિબી ક્ષેત્રે વિવિધ પ્રકાર ની કામગીરી કરનાર તબિબો ને એવોર્ડ એનાયત કરવા મા આવે છે જેમાં પ્રવર્તમાન વર્ષે મોરબીના સ્કીન સ્પેશીયાલીસ્ટ-ડર્મેટોલોજીસ્ટ સ્પર્શ ક્લીનીક વાળા ડો. જયેશ ભાઈ સનારીયાને વર્ષ દરમિયાન તબીબી ક્ષેત્રો તેમણે કરેલ કામગીરી બદલ ડો. પી.આર. ત્રિવેદી ફાઉન્ડેશન એવોર્ડ ગુજરાત રાજ્ય ના આરોગ્ય તેમજ કુટુંબ કલ્યાણ ખાતા ના ચિફ સેક્રેટરી આઈ.એ.એસ. અધિકારી પૂનમચંદ ભાઈ પરમાર ના વરદ હસ્તે એનાયત કરવામા આવ્યો હતો. આજ દીન સુધી આ એવોર્ડ સૌરાષ્ટ્રના કોઈ તબિબ ને મળ્યો હોય તેવી આ પ્રથમ ઘટના છે. આ એવોર્ડમા તબિબોએ કરેલ લોક કલ્યાણ, લોક જાગૃતિ, સ્કુલ હેલ્થ પ્રોગ્રામ, ગ્રામિણ વિસ્તાર મા જનજાગૃતિ, રસીકરણ દ્વારા રોગ નિવારણ, નિદાન કેમ્પ સહીતના વિવિધ માપદંડોને આધારે મુલ્યાંકન કરી આઈએમએ ગુજરાત બ્રાંચ દ્વારા રાજય કક્ષાએ આપવામા આવે છે ત્યારે મોરબીના તબિબની આ એવોર્ડ માટે પસંદગી પામી મોરબી તેમજ સમગ્ર સૌરાષ્ટ્ર પંથકને ગૌરવ અપાવ્યુ છે. તેમની આ સિધ્ધી બદલ ચોમેરથી શુભેચ્છાઓ મળવાની સાથે અભિનંદનની વર્ષા થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે ડો. જયેશ સનારીયા ની સ્પર્શ ક્લીનીક ને વર્ષ ૨૦૧૫-૧૬ મા ગુજરાત આઈએમએ દ્વારા સમગ્ર ગુજરાત રાજય કક્ષાનો બેસ્ટ ક્લીનીક એવોર્ડ એનાયત કરવામા આવ્યો હતો તે ઉપરાંત વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન મોરબી આઈએમએ દ્વારા બેસ્ટ એકેડેમિક એવોર્ડ પણ તાજેતરમા એનાયત કરવામા આવેલ હતો.

# જંબુસર તાલુકાના કાવી કંબોઈ ખાતે ત્રણ ડોલ્ફીન માછલી પાણી ઓછું હોવાથી બહાર ખેંચાઈ આવી:ડોલ્ફીનને જોવા માટે લોક તોડા ઉમટી પડ્યા હતાં.

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકા ના કાવી કંબોઈ દરિયા કિનારે રવિવારના રોજ ત્રણ ડોલ્ફીન માછલી જોવામાં આવી હતી. દરિયામાં ભરતીના હોવાને કારણે બહાર કિનારા પર ખેંચાઈ આવી ગઈ હતી.

ત્યાંના સ્થાનીક લોકોએ ભારે જહેમત બાદ માછલીને પાણીની અંદર લઈ ગયા હતાં જેથી પાણી ની ભરતી આવેતો ડોલ્ફીન માછલી પાછી દરિયામા તરતી થઈ જાય ત્રણ ડોલ્ફીન માછલી ઓ જોવા મળી હતી.ડોલ્ફીન આવી હોવાની વાતો પ્રસરતા લોકોના ટોળાં દરિયા કિનારે એકત્રિત થઈ ગયા હતા.જોકે ત્યાર બાદ ભરતીના પાણી વધતાં ત્રનેવ ડોલ્ફીન દરિયામાં જતી રહી હતી.